પવન સાથે વરસાદ - શુક્રવારની સમીસાંજે શહેરમાં પવન ફુંકાયો હતો અને સાથોસાથ હળવા વરસાદનું ઝાપટું પડતા ચોમાસાના આગમનના એંધાણ અનુભવાયા હતા... પ્રિમોન્સુન એક્ટિવિટીના ભાગરૂપે ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાત અને અમદાવાદના વિસ્તારોમાં તીવ્ર પવન સાથે વરસાદી ઝાપટું પડ્યું હતું... શહેરના માર્ગો પર તોફાની પવનથી જોખમી વૃક્ષો નમવાનો ભય ઉભો થયો હતો... જ્યારે વરસાદના હળવા ઝાપટાથી રાહદારીઓ અને વાહનચાલકો અટવાયા હતા...

ગ્રામ્ય વિસ્તારમાં ૨૫ કેસ નોંધાયા

ગાંધીનગર-કલોલના કેસોની સંખ્યા ૧૦૦ની નજીક પહોંચી, ગ્રામ્ય વિસ્તારમાં ૯૮૪૦ વ્યક્તીઓ ક્વોરોન્ટાઈન હેઠળ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૨૫ કેસ મળી આવ્યા છે. આટલી મોટી સંખ્યામાં આ કેસો બે દિવસમાં બીજીવાર સામે આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આજે પણ જિલ્લામાં કલોલ તાલુકામાંથી સૌથી વધુ ૧૧ કેસ નોંધાયા છે. આ પછી ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૮ અને દહેગામમાં ૪ તથા માણસામાં બે કેસો નોંધાયા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૮૪૦ જેટલી વ્યક્તીઓ ક્વોરોન્ટાઈન હેઠળ છે. આ ક્વોરન્ટાઈન કરાતી વ્યક્તીઓની સંખ્યા પણ વધી રહી છે. ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરો માટે હવે નવી જગ્યાઓ શોધવાની પણ તંત્રએ કવાયત હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

જો કે તંત્રના સૂત્રો કહી રહ્યા છે કે હાલ જિલ્લામાં ૭૭ લોકો જ ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં છે. જ્યારે ૯૬૧૮ લોકો હોમ ક્વોરોન્ટાઈન છે તો ૧૪૫ લોકો પ્રાઈવેટ ફેસીલીટીમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે.

જિલ્લાના કલોલ અર્બન વિસ્તાર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ કેસો વધી રહ્યા છે. તો ગાંધીનગર નજીક વિકાસ પામી

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર તાલુકામાં ૮ કેસ નોંધાયા

નાના-ચિલોડાના એક પરિવારના ૩ સભ્યો સંક્રમિત

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૮ દર્દીઓ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. જે ૮ દર્દીઓ મળ્યા છે તેમાં બે કુડાસણમાંથી, એક પેથાપુરમાંથી, એક નાના પીંપળજમાંથી, એક વાવોલ પંથકમાંથી તો ૩ નાના-ચિલોડામાંથી અને એક મોટા ચિલોડામાંથી કેસો મળ્યા છે. કુડાસણમાંથી આજે મળેલ બન્ને દર્દી મહિલા છે. તો નાના ચિલોડા ખાતેથી એક જ પરિવારના ૩ સભ્યોના સેમ્પલ અમદાવાદમાં લેવાયા હતા અને તેમનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા છે.

પેથાપુરનો યુવાન જેનો રિપોર્ટ આજે પોઝીટીવ આવેલ છે તે ગાંધીનગરના ડી.માર્ટમાં નોકરી કરે છે.

માણસામાં બે કેસ નોંધાયા

ગાંધીનગર જિલ્લાના માણસા શહેરમાંથી આજે કોરોનાના બે કેસ મળી આવ્યા છે. આ બન્ને પુરૂષ દર્દી છે.

આજે મળેલા આ બે દર્દીઓમાંથી એક દર્દી ગાંધીનગર શહેરના જીઆઈડીસી નજીક પ્લાસ્ટીકની દુકાન ધરાવે છે. તો બીજો દર્દી અમદાવાદમાં મેડીકલ સ્ટોરનું સંચાલન કરતો હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ બન્ને દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા છે એટલુ જ નહિ તેમના પરિવારના સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન પણ કરી દીધા છે.

દહેગામમાં ૪ કેસ નોંધાયા

ગાંધીનગર જિલ્લાના દહેગામમાંથી કોરોનાના વધુ ૪ દર્દી નોંધાયા છે. જેમાં એક ૫૭ વર્ષીય વ્યક્તી જે કીડનીની બિમારીથી પિડીત હતી તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી સિવિલ તેમજ ખાનગી હોસ્પિટલમાં વારંવાર સારવાર માટે જતો હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત દહેગામ અર્બન વિસ્તારમાંથી એક ૭૨ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. દહેગામ તાલુકાના બારિયા-બારડોલી ગામેથી પણ એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. દહેગામમાં આજે વધુ ૩ કેસ અર્બન વિસ્તારમાંથી મળ્યા છે તો એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળ્યો છે. આજે નોંધાયેલ ૪ કેસમાં બે પુરૂષ દર્દી અને બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

કલોલ અર્બનમાંથી વધુ પાંચ કેસ તો લીંબોદ્રામાંથી ૨ કેસ મળ્યા

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આજે ૧૧ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. જે કેસ મળ્યો છે તેમાં કલોલ અર્બન વિસ્તારના ૫ કેસ છે.

આ ઉપરાંત સઈજ, છત્રાલ, સોજા અને લીંબોદ્રામાંથી કેસ મળી આવ્યા છે. લીંબોદ્રામાં મોડી સાંજે બે કેસ મળી આવ્યા છે અને તંત્ર દ્વારા મળી આવેલા આ દર્દીઓ કેવી રીતે સંક્રમિત થયા તેની વિગતો તેમજ દર્દીઓના પરિવારજનોને ક્વોરોન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરી છે. સોજા ગામેથી મળેલ મહિલા દર્દી ગાંધીનગરના ડી.માર્ટમાં નોકરી કરતી હોવાનું જાણવા મળેલ છે. કલોલ અર્બનમાં નોંધાયેલા કેસોમાં એક ૭૪ વર્ષીય વૃદ્ધનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં વધુ ૭ કેસ નોંધાયા

શહેરના કેસોની સંખ્યા ૧૩૧ થઈ : વધુ ૪ મહિલાઓ આજે સંક્રમિત થઈ : હવે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં આજે કોરોના પોઝીટીવના વધુ સાત કેસ મળી આવ્યા છે. સે. ૨૪ માં કોરોનાએ વિરામ લીધા બાદ પુનઃ તેના કેસો મળતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. આજે પણ સે. ૨૪ માંથી વધુ બે કેસ મળી આવેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં પણ ૪ મહિલા દર્દીઓ મળી આવ્યા છે. તંત્ર દ્વારા હવે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવી રહ્યા છે.

અનલોક-૧ ના અમલ સાથે જ શહેરમાં કોરોનાના કેસની ગતિ વધવા પામી છે. આજના સાત કેસોની સાથે શહેરમાં નોંધોલા કેસોની સંખ્યા ૧૩૧ પર પહોંચી જવા પામી છે.

આજે જે કેસો નોંધાયા છે તેમાં સે. ૩-ડી, સે. ૨૪, સે. ૧૪ પેટ્રોલ પંપ પાસે, સે. ૫-સી, સે. ૧૫ અને સંજેરી પાર્ક જી.ઈ.બી.નો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૩-ડી માં આજે એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જુના સચિવાલય ખાતે ફરજો બજાવતા આ કર્મયોગી અમદાવાદથી આવતા કર્મયોગીઓથી સંક્રમિત થયાનું મનાય છે. તેમના પરિવારના ૬ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ માંથી પોસ્ટ કોલોની તરીકે ઓળખાતા વિસ્તારમાંથી એક કેસ મળ્યો છે. આ ૨૬ વર્ષીય યુવક કલોલ ખાતે પોષ્ટલ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરે છે. તો તેમના વાઈફ અમદાવાદ ખાતે નર્સ તરીકે નોકરી કરે છે. તેમના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત સે. ૨૪માં એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા ડી.માર્ટમાં નોકરી કરતી હતી અને તેનો રિપોર્ટ આજે પોઝીટીવ આવેલ છે. આ મહિલાના પરિવારના ૮ સભ્યોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

હવે અમદાવાદથી દર્દીઓ ગાંધીનગર સિવિલમાં ટ્રાન્સફર કરવા વિચારણા

સિવિલમાં સ્ટાફ નથી અને દર્દીઓની સંખ્યા જિલ્લામાં વધી રહી છે ત્યાં સરકારની વિચારણાથી શહેર-જિલ્લાની જનતા ચિંતામાં ગરકાવ થઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હવે અમદાવાદથી દર્દીઓને સારવાર માટે ખસેડવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે અમદાવાદ શહેરમાં દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવી રહ્યો હોવાથી હવે આ દર્દીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવે તેવી વિચારણા ઉચ્ચકક્ષાએ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ કોવિડ-ઓ.પી.ડી. ઉપરાંત જિલ્લામાંથી આવતા દર્દીઓને દાખલ કરવામાં આવી રહ્યા છે. ૩૦૦ બેડની આ કોવિડ હોસ્પિટલમાં હાલ ૧૫૦થી વધુ દર્દીઓ કોવિડ-૧૯ની સારવાર હેઠળ છે.

કોવિડ-૧૯ માટે જે મેન પાવર જોઈએ તેટલો મેન પાવર પણ સિવિલ સત્તાવાળાઓ પાસે ઉપલબ્ધ નથી. કોવિડ-૧૯ માટે સિવિલ હોસ્પિટલને ડેઝીગ્નેટેડ કરાયા બાદ અહિ ભરતી માટે જાહેરાત આપવામાં આવી હતી પરંતુ ખુબ ઓછા લોકો આ ભરતીમાં આવ્યા હતા.

જિલ્લાતંત્રને પુનઃ આ ભરતી માટે જાહેરાત આપવા તેમજ યોગ્ય વ્યવસ્થા તાત્કાલિક કરવા માટેની સૂચનાઓ અપાઈ હતી પરંતુ તંત્ર દ્વારા ફરી પ્રયાસો થયા હોય તેવુ જણાયુ નથી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ઉપરાંત જિલ્લા આરોગ્યતંત્રના ૨૫ થી વધુ કર્મયોગીઓ કોરોનાથી સંક્રમિત થઈ ચુક્યા છે.

અનલોક-૧ અમલમાં આવ્યા પછી ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના કેસોમાં પણ ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. સિવિલ હોસ્પિટલ ઉપરાંત અન્ય હોસ્પિટલો જે ડેઝીગ્નેટેડ કરાઈ છે ત્યાં પણ સિવિલના તબીબોની ટીમ જ જઈ કામગીરી કરી રહી છે.

અમદાવાદથી દર્દીઓ અહી ટ્રાન્સફર કરવાની વાતો આજે શહેરભરમાં ચર્ચાતી સાંભળવા મળી હતી એ સાથે જ શહેર અને જિલ્લામાં પણ લોકો ચિંતીત બની ગયા છે. ગાંધીનગર સિવિલમાં હાલ પણ કેટલાક દર્દીઓ જે અમદાવાદ રહેતા હોય પણ અહિના સરનામા લખાવી દાખલ થઈ સારવાર મેળવી રહ્યા છે. અહિ સ્ટાફ પણ પુરતો નથી.

ડી-માર્ટના ૪ કર્મચારીઓ પોઝીટીવ આવતાં મોલ તાત્કાલિક બંધ કરાવાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જીઆઈડીસી નજીક આવેલ ડી.માર્ટના ૪ કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં હરકતમાં આવેલ તંત્રએ તાત્કાલિક અસરથી આ મોલ બંધ કરાવી દીધો છે.

મળતી વિગતો પ્રમાણે આ મોલના કર્મચારીઓના ઉજીએ નમુનાઓ લેવામાં આવ્યા હતા અને આ કર્મચારીઓના આજે સવારે રિપોર્ટ પોઝીટીવ આવતાં જ તંત્ર હરકતમાં આવી ગયુ છે.

જે બાદ કર્મચારીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે તે પૈકી બે ગાંધીનગર શહેરમાં વસવાટ કરે છે તો બે કર્મચારીઓ પૈકી એક કર્મચારી કલોલ તાલુકાના સોજા ખાતેથી અપડાઉન કરે છે તો અન્ય કર્મચારી પેથાપુર ખાતે વસવાટ કરતો હોવાથી અપડાઉન કરતો હતો.

તંત્ર દ્વારા આ કર્મચારીઓના સંપર્કમાં કોણ કોણ આવ્યા તે અંગેની તપાસ હાથ ધરવામાં આવી છે. એટલુ જ નહિ તેમને ક્વોરોન્ટાઈન પણ કરવામાં આવી રહ્યા છે.

કોંગ્રેસના વધુ એક ધારાસભ્ય બ્રિજેશ મેરજાનું રાજીનામું

કઈ સમજે એ પહેલા કોંગ્રેસને ધારાસભ્ય બ્રિજેશ મેરજાના રૂપમાં જટકો

મોરબી,તા.૫

રાજ્યસભાની ચૂંટણીઓ જાહેર થયાના ૭૨ કલાકમાં ગુજરાતના મતદારોની લાગણીઓનો ફરીથી વેપાર શરૂ થઈ ગયો છે. કરજણથી અક્ષય પટેલ અને કપરાડાથી જીતુ ચૌધરી એમ કોંગ્રેસના બે ધારાસભ્યોએ બુધવારે રાજીનામાં આપ્યા બાદ આજે ગુજરાત કોંગ્રેસને વધુ એક સૌથી મોટો ઝાટકો ભાજપે આપ્યો છે. કોંગ્રેસના બ્રિજેશ મેરજાએ કોંગ્રેસમાંથી પહેલા પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામું આપી દીધા બાદ પોતાના ધારાસભ્ય પદેથી પણ પોતાનું રાજીનામું આપી દીધું છે અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષે તેમના રાજીનામા અંગે પુષ્ટિ કરી લીધી છે.

હાલ મળી રહેલા અહેવાલ

પ્રમાણે, કોંગ્રેસના બ્રિજેશ મેરજાએ કોંગ્રેસમાં પોતાના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામું ધરી દીધું છે, તેના થોડા સમય બાદ તેમણે ધારાસભ્ય પદેથી પણ રાજીનામું ધરી દીધું હતું.

કોંગ્રેસના બ્રિજેશ મેરજા મોરબીના ધારાસભ્ય છે. અગાઉ જીતુ ચૌધરી અને અક્ષય પટેલે રાજીનામું આપ્યું હતું.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. બળદેવભાઈ ગંગારામ પરમાર

નિવૃત્ત કાર્યપાલક ઈજનેર અને નાયબ સચિવ (માર્ગ અને મકાન વિભાગ)

સ્વ. તા. ૬/૬/૨૦૧૯

આપના મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં
આપના કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં
સદેહે તમે નથી એ સચ્ચાઈ છે, પણ અસ્તિત્વમાં છો,
અને રહેશો એનો અમોને વિશ્વાસ છે. તમારી હિંમત, રમુજી સ્વભાવ, ધાર્મિક ભાવના અને નિઃસ્વાર્થ સેવાનું સ્મરણ કરી આપને અમારી હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ...

ગં.સ્વ. હીરાબેન બળદેવભાઈ પરમાર

પાયલ કમલેશભાઈ પરમાર — કમલેશભાઈ બળદેવભાઈ પરમાર
નિરવ કમલેશભાઈ પરમાર — ફાલ્ગુની કમલેશભાઈ પરમાર
કરણ અતુલભાઈ પરમાર — અતુલભાઈ બળદેવભાઈ પરમાર
રાજ અતુલભાઈ પરમાર — કાજલ અતુલભાઈ પરમાર
હર્ષ કિરણકુમાર ચૌહાણ (ભાણો) — કિરણકુમાર બળદેવલાલ ચૌહાણ (જમાઈ)
હેમાંગીની કિરણકુમાર ચૌહાણ (પુત્રી)

સે-૩૦ માં નિર્માણ કરાયેલી સરકારી કોલોનીનુ લોકાર્પણ ૬ મહિનાથી થયુ નથી

એકબાજુ કર્મચારીઓને માથે સલામત છત મળતી નથી ત્યારે નવા તૈયાર કરાયેલા આવાસો પણ લાંબા સમયથી વસવાટના અભાવે ખંડેર બનવા તરફ : આવાસની માંગણી સંદર્ભે તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે

ગાંધીનગર તા ૫

શહેરના સે-૩૦ માં તૈયાર કરાયેલા નવા આવાસોનુ લોકાર્પણ છેલ્લા ૬ મહીનાથી કરવામાં આવ્યુ નથી લાંબા સમયથી આ ટાવર કોલોની તૈયાર છે. એકબાજુ શહેરના સેકટરોમાં રહેણાંકને લાયક સરકારી મકાનોની સંખ્યા બહુ ઓછી છે. જોખમી મકાનો તોડવા માટે આયોજન થઈ રહ્યુ છે ત્યારે લાંબા સમયથી આ તૈયાર આવાસો ફાળવવા માટે પણ કોઈ પ્રકીયા હાથ ધરાતી નથી. આવાસની માંગણી સંદર્ભે તંત્રના ચોપડે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. બીજીતરફ તૈયાર આવાસો પણ ઉપયોગના અભાવે ખંડેર બનતા જાય છે. આવા સંજોગોમાં સે-૩૦ માં તૈયાર આવાસ યોજના કર્મચારીઓના વસવાટ માટે ઉપયોગી બને તેવી પણ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં છેલ્લા બે મહીનાથી નવા આવાસો બાંધવાની કામગીરી બંધ રહી હતી. કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનની સ્થિતિમાં મોટાભાગના સરકારી પ્રોજેકટોનુ કામ પણ બંધ રહ્યુ હતુ જયારે હજુ પણ મજુરોના અભાવે કામગીરી પાટા પર ચડતી નથી. ત્યારે માર્ગોના નિર્માણ તેમજ નવા બિલ્ડીંગો બાંધવાની યોજના માટે મજુરોની વ્યવસ્થા કરી આ કામગીરીમાં ઝડપ આવે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરંતુ એકબાજુ વરસાદી દિવસો માથે છે. જયારે કોરોનાના વધતા કહેર વચ્ચે કાર્યયોજનાને ઝડપથી આગળ વધારવામાં મેન પાવર સહીતના પ્રશ્નો સામે આવી રહ્યા છે. શહેરના સેકટરોમાં હાલ અસ્તિત્વ ધરાવતા રહેણાંકના મકાનો પૈકી જુદી જુદી કેટેગરીના મોટાભાગના સરકારી આવાસો જોખમી હાલતમાં છે જેને પણ તબક્કાવાર તોડવા માટે આયોજન કરવામા આવી રહ્યુ છે. ત્યારે કર્મચારીઓને રહેણાંકના મકાન ફાળવવાની પ્રકીયા પણ આવાસના અભાવે અટવાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

Children's University — सत्यम् ऋतम् बृहत्

સુભાષચંદ્ર બોઝ શિક્ષાસંકુલ, છ-૫ પાસે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ, સેક્ટર-૨૦, ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૨૩૨૪૪૫૬૯ ● Website : www.cugujarat.ac.in

જાહેરાત ક્રમાંક : ...../૨૦૨૦

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ગર્ભસ્થ શિશુથી માંડીને વિદ્યાર્થી ૧૮ વર્ષનો થાય ત્યાં સુધી એના સર્વાંગીણ વિકાસ માટે કાર્યરત છે. આ કાર્યના બે વિભાગો તપોવન અને વિદ્યાનિકેતનમાં ગુજરાતની વિવિધ સંસ્થાઓને જોડાવા માટે યુનિવર્સિટી અરજીઓ આમંત્રિત કરે છે.

વિભાગનું નામ	વિભાગની વિગતો
તપોવન	બાળકના શિક્ષણ અને સંસ્કારની શરૂઆત ગર્ભથી જ થઈ જાય છે. ગર્ભવિજ્ઞાન અને ગર્ભસંસ્કાર ભારતનો પ્રાચીન અને સિદ્ધ થયેલો વૈજ્ઞાનિક અભિગમ છે. ગર્ભસ્થ શિશુને ગર્ભવતી માતાના માધ્યમથી શિક્ષણ અને સંસ્કાર આપવાનું આ કાર્ય ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી 'તપોવન કેન્દ્ર' નામની યોજના દ્વારા કરી રહી છે. આ પ્રક્રિયા દ્વારા માતાઓ ઈચ્છિત તેજસ્વી સંતાન પ્રાપ્ત કરી શકે છે. જો દર્દ/સંસ્થાઓ આવું 'તપોવન કેન્દ્ર' શરૂ કરવા તત્પર હોય તે અરજી કરી શકે છે. વધુ વિગતો માટે જુઓ : http://tapovan.cugujarat.ac.in/
વિદ્યાનિકેતન	વિદ્યાર્થીનો સર્વાંગીણ વિકાસ થાય તે માટે દરેક શાખા - વિદ્યાલય પ્રયત્નશીલ હોય છે. આ પ્રક્રિયામાં કેટલાક મહત્વના વિષયોનું જીવનશિક્ષણ અને જીવંત શિક્ષણ આપવાની અનૌપચારિક પદ્ધતિઓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ વિકસાવી છે. શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ક્ષમતા, કૌશલ્ય વિજ્ઞાન અને ગુણવત્તા સુધારવાના યુનિવર્સિટીના પ્રયાસો શાળાઓને ઉપયોગી થઈ શકે તેમ છે. વિદ્યાર્થીઓની તેજસ્વિતા અને શિક્ષકના શિક્ષકત્વમાં અભિવૃદ્ધિ થાય એ હેતુથી 'વિદ્યાનિકેતન' પ્રકલ્પ હેઠળ શાળાઓને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માન્યતા આપી જોડાણ કરવા ઈચ્છે છે. માન્યતા મેળવવા ઈચ્છિતી શાળાઓ અરજી કરી શકે છે. વધુ વિગતો માટે જુઓ http://www.cugujarat.ac.in/vidhyaniketan

ઉપર્યુક્ત વિભાગોમાં રસ ધરાવતી સંસ્થાઓએ તારીખ : ૫/૬/૨૦૨૦ થી તારીખ : ૫/૭/૨૦૨૦ સુધી ઉપર જણાવેલ વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમજ ઓનલાઈન અરજીની હાર્ડ કોપી જરૂરી આધારો સાથે તારીખ : ૧૩/૭૨૦૨૦ સુધી યુનિવર્સિટીના સરનામા પર, રજી.પો.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ દ્વારા કવર પર જે તે વિભાગના સ્પષ્ટ ઉલ્લેખ સાથે મોકલી આપવાની રહેશે. વધુ વિગતો માટે અમારી વેબસાઈટની મુલાકાત લેવી.

સ્થળ : ગાંધીનગર — સહી/-
તારીખ : ૫/૬/૨૦૨૦ — રજિસ્ટ્રાર
માહિતી/૧૮૫/૨૦-૨૧ — ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com